

## (B - 45)
## કહાનગુરુકા જન્મોત્સવ

(રાખના રમકડાને....)

ગુરુકહાનના એ જન્મને હાં...ભક્તો સૌ ભક્તો ભાવે ઊજવે રે..
જયજયકાર ગજાવી આજે મંગલનાદે વધાવે રે......
—કહાનના એ જન્મને....૧

ડગલે પગલે રંગ રંગથી જનમોત્સવ સૌ મ્હાલે,
સ્વાધ્યાય મંદિર–જિનમંદિરમાં હર્ષનાદ ગજાવે રે........
—કહાનના એ જન્મને...૨

ધનનન નાદે ગગન ગજાવી આનંદ ભેરી બજાવે,
અનેક જ્યોતિ ઝગમગ ઝગમગ દીપકમાલા ઝબકે રે......
—કહાનના એ જન્મને....૩

કુંદકુંદ પ્રભુ આશિષ આપે, દેવો પુષ્પ વધાવે,
ઉમંગ ભર્યાં ભક્તોનાં હૈયાં ગુરુદેવ–અભિનંદે રે......
—કહાનના એ જન્મને....૪

જન્મ વધાઈ સૂણતાં આવે દેશોદેશ સંદેશા,
ચીરંજીવો...ચીરંજીવો, ચીરંજીવો...ગુરુદેવા રે........
જયજય હોજો જયજય હોજો, જયજય તારી જગમાં રે.......
—કહાનના એ જન્મને.....૫